

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

# ઓકટ્રોય નાબુદી અન્વયે કોર્પોરેશનને ૩૦.૬૩ કરોડની ગ્રાન્ટ ચુકવાઈ

ગાંધીનગર મહાનગરપાલિકાને છેલ્લા બે વર્ષમાં ઓકટ્રોય નાબુદી બાદ અવેજીમાં કેટલી રકમ વધારા સાથે ચુકવવામાં આવી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાના પ્રશ્નના જવાબમાં શહેરી વિકાસ મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવ્યા મુજબ ઓકટ્રોય નાબુદી બાદ સરકારે છેલ્લા બે વર્ષમાં ૩૦.૬૩ કરોડની ગ્રાન્ટ ચુકવી દીધી છે.

- **જિલ્લામાં ૮૧ લાખના ખર્ચે ૧૨૨ તળાવો ઉંડા કરાયા**

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં ૧૦૭ ગામના ૧૨૨ તળાવો ઉંડા કરવામાં આવ્યા છે. જયારે તળાવો ઉંડા કરવા પાછળ ૮૧.૩૧ લાખનો ખર્ચ કરાયો છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્ન સંદર્ભે જળસંપત્તિ મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર અને દહેગામ તાલુકામાં સૌથી વધુ ૫૧ અને ૪૫ સહીત કુલ ૧૨૨ તળાવોને ઉંડા કરાયા છે.

- **દલિતો સામે અત્યાર ખુન અને બળાત્કારના ૭૬ બનાવ**

છેલ્લા બે વર્ષ દરમિયાન દલિતો પર ખુન, તિરસ્કાર, આભડછેટ, મંદિરમાં પ્રવેશબંધી તેમજ દલિત મહીલાઓ પર બળાત્કારના બનાવો કેટલા બન્યા તેવા પ્રશ્નના જવાબ સંદર્ભે ગૃહ મંત્રીએ રજુ કરેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ બે વર્ષ દરમિયાન ખુનના ૨, અત્યાચારના ૭૧ અને બળાત્કારના ૩ બનાવો નોંધાયા છે. જયારે આ પૈકી તમામ બનાવો ઉકેલાયા છે. જયારે આ બનાવો સંદર્ભે તુંરત જ કાર્યવાહી પણ કરવામાં આવી છે. તિરસ્કાર અને આભડછેટનો કોઈ બનાવ નોંધાયેલો નથી.

# ૨૦મીની સામાન્યસભાને લઈ જિલ્લા વિકાસ અધિકારીએ ખાસ સૂચના-પત્ર જારી કર્યુ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૦મી એ મળનારી સામાન્ય સભાને લઈ આજે જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર. રાવલે ખાસ આદેશો જારી કર્યા છે.

શ્રી રાવલે આ આદેશમાં જણાવ્યું છે કે શરદી-ખાંસી અને તાવના લક્ષણોવાળા વ્યકિતઓ આ સામાન્ય સભામાં પ્રવેશ કરશે નહિ.

પ્રેક્ષકોની ગેલેરીમાં પણ બિનજરૂરી આવવાનું ટાળવાનું રહેશે. સામાન્ય સભાના સમયે હોલની બહાર ફરજીયાત સેનીટાઈઝેશનની વ્યવસ્થા રાખવાની રહેશે.

કોરોના વાયરસને લઈ સરકારે આપેલ સૂચનાને પગલે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આજે આ સૂચનાઓ બહાર પાડી છે.

આ સૂચનાઓમાં પણ સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે સામાન્ય સભાના સ્થળે અને સમયે સંબંધિત શાખાના અધિકારીશ્રીઓએ હાજર રહેવા જણાવવામાં આવે છે જયારે બાકીના અધિકારીશ્રીઓ, કર્મચારીઓએ પોતાની ઓફિસમાં ફરજ પર હાજર રહેવાનું રહેશે. જરૂર જણાયે તેમને બોલાવી જરુરી સૂચનાઓ આપવામાં આવશે.



કોરાના વાયરસના ભય સામે તમામ સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. હાલમાં વિધાનસભા ચાલી રહી છે ત્યારે અહીં ફરજ બજાવતા પોલીસ કર્મીઓ હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરી ચેપથી બચવાના ઉપાયો અજમાવી રહ્યા છે.

# મહાત્મા મંદિરમાં બે વર્ષમાં ૧૧૩ કાર્યક્રમો યોજાયા : ૨૩.૬૧ કરોડની વસુલાત

**રાજય સરકાર અને ખાનગી સંસ્થાઓ પાસેથી ૬.૮૧ લાખની વસુલાત બાકી**

ગાંધીનગર તા ૧૮

મહાત્મા મંદિરમાં છેલ્લા બે વર્ષ દરમિયાન કુલ ૧૧૩ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. મહાત્મા મંદિરનુ ભાડુ તગડુ હોવાથી આમ પણ સામાન્ય સંસ્થાઓને પોષાય તેવુ નથી જયારે બે વર્ષ દરમિયાન યોજવામાં આવેલા કાર્યક્રમો અન્વયે રાજય સરકાર પાસેથી રૂ ૧૩.૬૩ કરોડની વસુલાત તેમજ ખાનગી કક્ષાએથી રૂ ૧૦.૫ કરોડની વસુલાત કરવાની થાય છે. જો કે આ પૈકી ૬.૮૧ લાખની વસુલાત બાકી છે.

ગાંધીનગરમાં સ્થિત મહાત્મા મંદિર ખાતે છેલ્લા બે વર્ષમાં કુલ ૧૧૩ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નના જવાબ સંદર્ભે મુખ્યમંત્રીએ આપેલા લેખિત ઉત્તરમાં જણાંવ્યા મુજબ જયારે આ અન્વયે ૫૦ રાજય સરકારે ૫૦ કાર્યક્રમોનુ આયોજન કર્યુ હતુ જયારે કેન્દ્ર સરકારે એક પણ નહીં અને ૬૩ જેટલા ખાનગી કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જયારે આ કાર્યક્રમોના આયોજન અન્વયે રાજય સરકાર પાસેથી રૂ ૧૩.૬૩ કરોડ જયારે ખાનગી સંસ્થાઓ પાસેથી ૧૦.૫ કરોડની રકમ વસુલવાની થાય છે. જયારે આ અન્વયે ૪.૪૪ કરોડ રાજય સરકાર પાસેથી વસુવાના બાકી છે. જયારે ખાનગી સંસ્થાઓ પાસેથી રૂ માત્ર ૬.૮૧ લાખની વસુલાત બાકી છે. આ અન્વયે વસુલાત બાકી રહેવાના કારણો શુ છે તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યુ હતુ કે વસુલાત માટે જરૂરી પત્ર વ્યવહાર કરવામાં આવ્યો છે. અને શકય તેટલી બાકી વસુલાત પુરી કરી દેવાશે.

# ગાંધીનગરમાં વધુ એક શંકાસ્પદ કેસ

**ગાંધીનગર સિવિલમાં હાલ ૩ દર્દીઓ આઈસોલેશન વોર્ડમાં છે : ગિફ્ટસિટી નજીકની હોટલમાં વિદેશથી આવેલા ૬૦ દર્દીઓનું સ્કીનીંગ કરાયું**

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં આજે વધુ એક શંકાસ્પદ કોરોનાનો દર્દી મળી આવતા તેના નમુના લઈ પરિક્ષણ માટે અમદાવાદ મોકલવામાં આવેલ છે. આ ઉપરાંત બે દર્દીઓના રિપોર્ટ હજુ આવવાના બાકી છે.

મળતી વિગતો પ્રમાણે સિવિલ હોસ્પિટલ ખાતે હાલ માત્ર ૩ દર્દીઓ આઈસોલેશન વૉર્ડમાં છે જ્યારે અન્યને રજા આપી દેવામાં આવી છે.

બીજી તરફ આજે ગિફ્ટ સિટિ ખાતે આવેલ મરક્યુરી હોટલ ખાતે વિદેશથી આવેલા ૬૦ પેસેન્જરો સોલા હોસ્પિટલથી અહીં ખસેડવામાં આવ્યા હતા. જેમનું કોરોન્ટાઈલ કર્યા બાદ ગાંધીનગર સિવિલની ટીમ દ્વારા સ્કીનીંગ કરવામાં આવ્યું હતું.

જેમ જેમ દર્દીઓનું સ્કીનીંગ પુરું થતાં જ આ દર્દીઓને તેમના વતન જવા દેવામાં આવશે.

આજે હોટલ મરક્યુરી ખાતે લાવવામાં આવેલ આ પેસેન્જરોની રાજ્યના આરોગ્ય કમિશનર, કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય, એન.એચ.એમ.ના એમ.ડી. જે. ડી. દેસાઈ, જિલ્લાના મુખ્ય અધિકારી ડૉ. સોલંકી, મામલતદાર સુનીલ રાવલ સહિતના અધિકારીઓએ મુલાકાત લીધી હતી.

બીજી તરફ જિલ્લામાં ૮૩ મુસાફરો આજે પણ હોમ કોરોન્ટાઈલ હેઠળ હોવાનું આરોગ્ય તંત્રએ જણાવ્યું છે. તંત્ર દ્વારા આ ૮૩ પેસેન્જરોના કોન્ટેક્ટમાં આવેલ ૩૩૭ જેટલા લોકોને ફણ ચકાસવામાં આવ્યા છે. જિલ્લા આરોગ્ય તંત્રએ દાવો કર્યો છે કે, ગત વર્ષની સરખામણીએ જિલ્લામાં શરદી - ખાંસીના કેસમાં ૧૦ થી ૧૨ ટકા જેટલા ઘટાડો નોંધાયો છે.

જાહેરમાં થુંકીને ગંદકી ફેલાવનારાઓ સામે અત્યાર સુધીમાં રૂ. ૪૨ હજારનો દંડ વસુલવામાં આવ્યો હોવાનું પણ તંત્રએ તેની અખબારી યાદીમાં જણાવ્યું છે. તંત્ર દ્વારા લઘુ શિબિરો યોજવામાં આવી રહ્યાનું પણ જણાવવામાં આવ્યું છે.

## કોરોનાને રોકવા દરેક કચેરીના એન્ટ્રી પોઈન્ટ પર સેનીટાઈઝર રાખવા તાકિદ

ગાંધીનગર, તા.૧૮

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે કોરોના વાયરસ સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ અંગે આજે સાંજે એક ખાસ પરિપત્ર જારી કર્યો છે.

આ પરિપત્રમાં ગાંધીનગર ખાતે આવેલ દરેક કચેરી, સંકુલ, સચિવાલયના દરેક પ્રવેશદ્વાર નજીક યોગ્ય જગ્યાએ અવશ્ય સેનેટાઈઝર ફરજીયાતપણે મુકવા જણાવાયું છે.

આ વાયરસનું સંક્રમણ ન થાય તે માટે ઈ-મેલથી જ પત્ર વ્યવહાર કરવા જણાવાયું છે. આ ઉપરાંત અધિકારીઓની રૂબરૂ મુલાકાત - બેઠક વગેરે ટાળી વિડિયો કોન્ફરન્સનો વધુમાં વધુ ઉપયોગ થાય તે જોવા જણાવાયું છે. દરેક વહીવટી વિભાગે ટપાલોનો સ્વીકાર તેમજ પહોંચ રજીસ્ટ્રી - એન્ટ્રી પોઈન્ટ પર શક્ય હોય ત્યાં સુધી રાખવા. કોરોના વાયરસ સંક્રમણને ધ્યાને લેતાં નવા સચિવાલય સંકુલમાં તેમજ અન્ય કચેરી સંકુલોમાં આવેલ યોગ કેન્દ્રો, ફિટનેશ સેન્ટર, જીમ અન્ય સુચનાઓ ન મળે ત્યાં સુધી તાત્કાલિક અસરતી બંધ કરવામાં આવ્યા છે.

# માસ્ક અને સેનેટાઈઝર આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ આવરી લેવાયા

ગાંધીનગર, તા.૧૮

કોરોના વાયરસને પગલે માસ્ક અને સેનીટાઈઝરને આવશ્યક ચીજવસ્તુ એકટ હેઠળ આવરી લેવામાં આવતાં જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા આ અંગે આજે એક ખાસ બેઠક મેડીકલ સ્ટોર્સ એસો. અને ખોરાક ઔષધ નિયમનના અધિકારીઓની યોજાશે.

જિલ્લા કલેકટરશ્રીએ ડૉ. કુલદીપ આર્ય દ્વારા આ અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરી દેવામાં આવ્યું છે.

ગઈકાલે જિલ્લાના પુરવઠા તંત્ર દ્વારા આ અંગે તપાસ પણ હાથ ધરવામાં આવતાં કલોલના બે મેડીકલ સ્ટોર અને દહેગામના એક મેડીકલ સ્ટોરમાં અનિયમિતતા જણાતાં તેમની પાસે રહેલ માસ્કનો જથ્થો સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામના એક સ્ટોરમાં માસ્કના વેચાણ અંગે પાકુ બિલ ન આપતા હોવાનું જાણવા મળેલ છે. જયારે કલોલમાં એમ.આર.પી. કરતાં બે થી ૩ રૂપિયા વધારે વસુલવામાં આવતા હોવાનું જણાવાયું હતું. આ દુકાનમાં જથ્થામાં રહેલ ૧૭ માસ્ક સીઝ કરવામાં આવ્યા છે.

દરમિયાન જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી નિરૂપાબેન ગઢવીએ જણાવ્યું હતું કે જિલ્લામાં માસ્ક કે સેનીટાઈઝરની કોઈ અછત નથી. એસેન્સીયલ કોમોડીટીઝ એકટ હેઠળ આ વસ્તુઓએ આવરી લેવામાં આવતાં તંત્ર હરકતમાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ અંગે વેપારીઓએ તેનો સ્ટોક દર્શાવવાનો રહેશે તેમજ તે અંગે રજીસ્ટર પણ મેઈનટેઈન કરવાનું રહેશે. આ એકટની સમજ આપવા માટે જ બેઠકનું આયોજન કરવામા આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.


સંવેદનશીલ મુખ્યમંત્રી
શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં
ગુજરાત સરકારની નવતર પહેલ

ધોરણ ૭, ૮, ૯ અને ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓને ટીવી ચેનલ્સના માધ્યમથી ઘેરબેઠાં શિક્ષણ

વિદ્યાર્થીઓનો અભ્યાક્રમ પૂર્ણ થાય અને પરીક્ષા માટે પુનરાવર્તન થઈ શકે એ હેતુથી પ્રાદેશિક ન્યૂઝ ચેનલ્સ પરથી દરરોજ એક કલાક નિષ્ણાંત વિષય શિક્ષકો દ્વારા માર્ગદર્શનનો તા. ૧૯મી માર્ચથી શુભારંભ

ટીવી ચેનલ્સ પરથી પ્રસારિત થનારા શિક્ષણ વર્ગોનું ધોરણવાર સમયપત્રક આ પ્રમાણે છે :

| ધોરણ | ટીવી ચેનલ | પ્રસારણનો સમય |
|---|---|---|
| ધોરણ-૭ | ન્યૂઝ-૧૮ ગુજરાતી | બપોરે ૩.૦૦ થી ૪.૦૦ |
| | મંતવ્ય ન્યૂઝ | બપોરે ૩.૦૦ થી ૪.૦૦ |
| | જી.ટી.પી.એલ. | સવારે ૧૧.૩૦ થી ૧૨.૩૦ |
| ધોરણ-૮ | વી-ટીવી | બપોરે ૩.૦૦ થી ૪.૦૦ |
| | ઝી-૨૪ કલાક | સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ |
| | વી.આર. લાઈવ | સાંજે ૫.૦૦ થી ૬.૦૦ |
| ધોરણ-૯ | એબીપી અસ્મિતા | બપોરે ૨.૦૦ થી ૩.૦૦ |
| | જી.એસ.ટીવી | બપોરે ૪.૦૦ થી ૫.૦૦ |
| | નિર્માણ ન્યૂઝ | સાંજે ૫.૦૦ થી ૬.૦૦ |
| ધોરણ-૧૧ | ટીવી-૯ | બપોરે ૩.૦૦ થી ૪.૦૦ |
| | સંદેશ ન્યૂઝ | બપોરે ૩.૦૦ થી ૪.૦૦ |
| | ઈન્ડિયા ન્યૂઝ ગુજરાત | સાંજે ૪.૦૦ થી ૫.૦૦ |
| | દૂરદર્શન | બપોરે ૩.૦૦ થી ૪.૦૦ |

હાથ મિલાવવાને બદલે નમસ્તેથી અભિવાદન કરીએ

સાબુથી વારંવાર હાથ ધોઈએ


## લઘુત્તમ તાપમાન વધતા રાત્રે બફારો વધ્યો

ગાંધીનગર, તા.૧૮

છેલ્લા પંદર દિવસથી વહેલી સવારે અને રાત્રે અનુભવાતી ઠંડક હવે ગાયબ થઈ રહી છે. મહત્તમ તાપમાન વધવાની સાથે લઘુત્તમ તાપમાન વધતા ગરમી અને બફારો વધી રહ્યા છે. માર્ચ મહિનો આગળ વધી રહ્યા છે તેમ તેમ હવે ગરમી વધી રહી છે. માર્ચ મહિનાના પ્રારંભે અનુભવાયેલી ઠંડક હવે વાતાવરણમાંથી ધીમે ધીમે ગાયબ થઈ રહી છે. દિવસનું અને રાતનું તાપમાન વધી રહ્યું છે. વહેલી સવારે અને મોડી સાંજે અનુભવાતી ઠંડક હવે વાતાવરણમાંથી ગાયબ થઈ રહી છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૬.૬ ડિ.સે. નોંધાયું હતું. જે એક જ દિવસમાં ચાર ડિગ્રી જેટલી વધીને ૨૦.૨ ડિ.સે. નોંધાયું છે. ચાર ડિગ્રી જેટલો વધારો લઘુત્તમ તાપમાંન થતાં રાત્રે અને સવારે હવે બફારો અનુભવાય છે. પંખાની સ્પીડ વધવા માંડી છે. એસીની સર્વિસ કરાવી તેને પણ હવે ચાલુ કરાવી દેવાયા છે. આગામી દિવસોમાં હજુ ધીમે ધીમે ગરમી વધશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.



કોરોના ઈફેક્ટ - ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી કોરોના વાયરસના શંકાસ્પદ કેસ મળી આવતા સિવિલ હોસ્પિટલ તંત્ર સતર્ક બની ગયું છે... ગાંધીનગરમાં કોરોના વાયરસના સંક્રમણને વધતા અટકાવવા માટે સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા વિવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે... જેમાં દરેક કર્મચારી-અધિકારી સહિત સ્ટાફને ફરજીયાત માસ્ક પહેરવાની સાથે સાથે વારંવાર હાથ ધોવા અને સેનીટાઈઝરનો ઉપયોગ કરવા જણાવાયું છે... સાથે સાથે સિવિલમાં આવતા તમામ દર્દીઓને માસ્ક પહેરવા માર્ગદર્શન આપવામાં આવે છે.

# ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં ૪૩૨ નાગરિકોએ આત્મહત્યા કરી

**સહનસીલતાનો અભાવ - તણાવયુક્ત જીવનશૈલીનો અંજામ : શિક્ષિત ગાંધીનગરમાં પણ આત્મહત્યાના વધતા બનાવોથી ભદ્ર સમાજમાં ઘેરી ચિંતા : સમાજજીવનની તુંદરસ્તી સામે અનેક સવાલો મંડરાયા**

ગાંધીનગર તા ૧૮

આજના આધુનિક યુગમાં સહનશીલતાના અભાવ અને તણાવયુક્ત જીવનશૈલીના લીધે સમાજજીવનની તંદુરસ્તી સામે અનેક સવાલો મંડરાયા છે. જેના લીધે ડગલે ને પગલે નિરાશાની ગર્તામાં ધકેલાતી જીન્દગી મોતને વ્હાલુ કરવા માટે અધીરી બને છે. શિક્ષિત સમાજ માટે આ ઘેરી ચિંતાનો વિષય છે. ગાંધીનગર જિલ્લામાં પણ છેલ્લા બે વર્ષ દરમિયાન ૪૩૨ નાગરિકો આત્મહત્યાના ભોગ બન્યા છે. જયારે ૫૩ વ્યકિતઓએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનો પણ આંકડો સામે આવ્યો છે.

આજના આધુનિક યુગમાં ભાગદોડ ભરી જીવન શૈલી વચ્ચે જનજીવન તણાંવગ્રસ્ત બન્યુ છે. મોબાઈલ અને ઈન્ટરનેટ ઉપરાંત આધુનિક ઉપકરણો વચ્ચે ભૌતિક જીવનશૈલી અપનાવતા સમાજ સામે અનેક સવાલો મંડરાયા છે. સમાજજીવનમાં બનતી ઘટનાઓ પણ આમ નાગરિકોની મનોદશાનો ચિતાર રજુ કરે છે. સમાજમાં રોજબરોજ બનતી ચિત્ર વિચિત્ર ઘટનાઓના લીધે સમાજ જીવનની તંદુરસ્તી સામે પણ અનેક સવાલો મંડરાયા છે. જેના લીધે વ્યકિતમાં સહનશીલતાનો પણ ભારોભાર

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com